# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૦૩-૦૮-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## મુખ્યમંત્રી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની 54 નગરપાલિકામાં 71 અગ્નિશમન સાધનો અને વાહનોની ખરીદી માટે 63 કરોડ રૂપિયાના અનુદાનને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.આગામી સમયમાં ગુજરાત શહેરી વિકાસ કંપની- GUDC દ્વારા નગરપાલિકાઓમાં 18 મિની ફાયર ટેન્ડર, 21 વૉટર બાઉસર, 29 વૉટર કમ ફૉમ ટેન્ડર અને 2 ઇલેકટ્રિક રેસ્ક્યૂ બોટ મળી 71 વાહન ખરીદી કરી છે.

મુખ્યમંત્રી સમક્ષ આ સંદર્ભે પ્રજાકીય પ્રતિનિધિઓ અને સ્થાનિક અગ્રણીઓએ કરેલી રજૂઆતોને ધ્યાનમાં લઈ આ રકમ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મંજૂર કરવામાં આવી છે.

મુખ્યમંત્રીએ આ નગરપાલિકાઓને ફાળવનારા અગ્નિશમન વાહનોમાં G.P.S. ટ્રેકિંગ સિસ્ટમના ઉપયોગ તથા તેના ડેટાને CM ડેશબૉર્ડ સાથે લિન્ક કરવાના દિશા-નિર્દેશ પણ આપ્યા છે.

**RNU અમદાવાદ**

---

## ઝૂ ઓથોરીટી સફારી પાર્ક :

રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને વધુ વેગ મળે તે માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીએ સફારી પાર્કને મંજૂરી આપી છે.કચ્છના કોટેશ્વર, ઉના પાસે નલીયા માંડવી અને

કેવડીયા ખાતે સફારી પાર્કને મંજૂરી આપવામાં આવી છે.સર્વોચ્ચ અદાલતની મંજૂરી બાદ ત્રણેય સફારી પાર્કની કામગીરી શરૂ થશે.કેવડીયામાં હયાત પાર્ક ઉપરાંત વધુ એક સફારી પાર્ક પણ બનાવાશે.અંબાજી,વાંસદા તથા બરડામાં સફારી પાર્ક બનાવવાની કામગીરી શરૂ કરાશે.ગાંધીનગર આઈઆઈટી પાસે પણ સફારી પાર્કને મંજૂરી માટે કામ શરૂ થયું હોવાની માહિતી પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફિસર નીત્યાનંદ શ્રિવાસ્તવે આપી હતી.

**RNU અમદાવાદ**

---

## કલેકટર-હર ઘર તિરંગા :

**જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને આજરોજ કચ્છમાં આગામી સમયમાં યોજાનારા હર ઘર તિરંગા કાર્યક્રમના આયોજનને લઈને સમીક્ષા બેઠક યોજાઈ હતી.તેમણે તમામ ઉપસ્થિત અધિકારીઓને હર ઘર તિરંગા કાર્યક્રમનું સુચારુ આયોજન થાય તે માટે સૂચનાઓ આપી હતી.જિલ્લાના ચૂંટાયેલા પદાધિકારીઓ, કચ્છમાં સ્થિત વિવિધ લશ્કરી પાંખોના યુનિટ,સ્વેચ્છિક સંસ્થાઓ, એનજીઓ, સામાજિક સંસ્થાઓ અને નાગરિકોને સાથે રાખીને કાર્યક્રમનું આયોજન કરવા જિલ્લા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે,શાળાઓને આ કાર્યક્રમમાં ભાગીદાર બનાવીને તિરંગા રેલીનું આયોજન કરવામાં આવશે.શાળાઓમાં કાર્યક્રમની જાગૃતિ માટે નિબંધ સ્પર્ધાઓ,ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરવા ભાર મૂક્યો હતો.ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજ્ય સહિત કચ્છ જિલ્લામાં આગામી ૧૦થી ૧૩ ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.**

**માહિતી ખાતું**

---

## ભુજની શાળામાં બેટી બચાઓ બેટી પઢાઓ દિવસ :

ભુજમાં વાણીયાવાડ કન્યાશાળામાં ' નારી વંદન ઉત્સવ' અંતર્ગત બેટી બચાવો બેટી પઢાઓ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે શાળાની ૧૨૦ જેટલી બાલિકાઓએ બેટી બચાઓ બેટી પઢાઓ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં આરોગ્ય શિક્ષણ, સોશિયલ બિહેવિયરયલ ચેન્જ અંગે ચર્ચા કરવામાં આવી હતી. શહેરી આરોગ્ય કેન્દ્રના મલ્ટિ પ્રર્પઝ વર્કર બહેનોએ બાલિકાઓને આરોગ્ય અંગે સમજણ પુરી પાડી હતી.

**NP-નેહલ ઠક્કર**

---

## ભચાઉ-ભૂકંપનો આંચકો:

કચ્છમાં સમયાંતરે આવતા ભૂકંપના આંચકનો સીલસીલો યથાવત રહ્યો છે.ત્યારે 13 દિવસના અંતરાલ બાદ વાગડ ફોલ્ટલાઈન ફરી એક વખત 3.4ના ભૂકંપના આંચકાથી ધરા ધ્રુજી હતી.ભચાઉથી મનફરા કંઠકોટ વચ્ચેના વિસ્તારમાં ધરતીકંપનો આંચકો ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી કચેરી ખાતે નોંધાયો હતો.

**NP-નેહલ ઠક્કર**

---

## શાળાકીય રમતો :

જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી તથા ગુજરાત સરકારના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આ વર્ષે પણ શાળાકીય રમતોનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ટેકવોન્ડો રમતો તા.07 ઓગસ્ટના ગાંધીધામની સાધુ વાસવાણી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે,ચેસ આગામી તા.10 ઓગસ્ટ ના આદિપુરની મૈત્રી મહાવિદ્યાલય,તથા કુસ્તી તા.28 ઓગસ્ટના ભુજની મુસ્લિમ એજ્યુકેશન સ્કૂલ, ખાતે રમાશે. વધુ માહિતી માટે જે-તે શાળાનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

**NP-નેહલ ઠક્કર**

---

## સરકારી આયુર્વેદિક હોસ્પિટલ-કેમ્પ :

સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ દ્વારા આયોજીત આયુર્વેદ તથા હોમીયોપેથી અને યોગ દ્વારા નિ:શુલ્ક ડાયાબીટીસ નિદાન-સારવાર-સલાહ કેમ્પ, સિનિયર સીટીઝન કેર કેમ્પ તથા નિ:શુલ્ક હરસ-મસા-ભગંદર નિદાન સારવાર કેમ્પ સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ ખાતે આગામી તા.૦૭ ઓગસ્ટ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.કેમ્પનો સમય સવારે ૯:૦૦ થી ૧૨:૩૦ અને સાંજે ૪:૦૦ થી ૫:૩૦ રહેશે.તેવું વૈદ્ય પંચકર્મ વર્ગ-૧, સરકારી આયુર્વેદ હોસ્પિટલની યાદીમાં જણાવાયું છે.

**માહિતી ખાતું**

---

## કચ્છ-પશુધન ગણતરી માટે તંત્ર સજ્જ :

આગામી સપ્ટેમ્બર માસથી સમગ્ર દેશની સાથે કચ્છમાં પણ પશુધન વસ્તી ગણતરી હાથ ધરાવાની છે.ત્યારે પશુધન વસ્તી ગણતરી માટે કચ્છનું તંત્ર સજ્જ થઈ રહ્યું છે. જિલ્લામાં 126 જેટલા ગણતરીદાર, 28 સુપરવાઈઝરના માર્ગદર્શનમાં દર પાંચ વર્ષે હાથ ધરાતી આ કામગીરી કરાશે.રાષ્ટ્રવ્યાપી પશુધન ગણતરીનું આ અભિયાન સપ્ટેમ્બરથી ડિસેમ્બર માસ સુધી ચાલશે.આ વખતે પ્રથમવાર મોબાઈલ એપથી હાથ ધરાનારી કામગીરીમાં રખડતા ભટકતા પશુઓને પણ ગણતરીમાં આવરી લેવાશે.જિલ્લામાં 126 જેટલા ગણતરીદાર ગ્રામ્ય અને શહેરી કક્ષાએ ઘરે ઘરે જઈને પશુધનની ગણતરી કરશે.

**NP-નેહલ ઠક્કર**